# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-10-2024 Morning : 7.45 to 7.55
Day : Sunday National News

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.

2) સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાન્ચેઝ આજથી ભારતની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળમાં નવનિર્મિત પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગ અને 'મૈત્રી દ્વાર' નામના કાર્ગો ગેટનું ઉદ્ઘાટન કરશે.

4) આ વર્ષે ઓગસ્ટ માસમાં કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળ 20 લાખ 74 હજારથી વધુ નવા કામદારોની નોંધણી કરવામાં આવી

5) મનિકા બત્રા વર્લ્ડ ટેબલ ટેનિસ ચેમ્પિયન્સ મોન્ટપેલિયર 2024 ટૂર્નામેન્ટમાં ટોચના આઠ ખેલાડીઓમાં પહોંચનાર પ્રથમ ભારતીય બન્યા

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 115મી કડી છે. આજે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મનકી બાત કાર્યક્રમના પ્રાદેશિક ભાષાઓમાં ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# SPAIN PRESIDENT

સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાન્ચેઝ આજથી ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવશે. તેમની સાથે તેમનાં પત્ની બેગોના ગોમેઝ પણ આવશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે શ્રી સાન્ચેઝની આ પ્રથમ ભારત મુલાકાત છે. 18 વર્ષ બાદ સ્પેનના રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે આવી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શ્રી સાન્ચેઝ આવતી કાલે વડોદરામાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ કેમ્પસ ખાતે C-295 વિમાનનાં ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પલેક્સનું ઉદઘાટન કરશે. ભારતમાં લશ્કરી વિમાનનાં ઉત્પાદન માટેની ખાનગી ક્ષેત્રની આ પ્રથમ એસેમ્બલી લાઇન છે. ઉડ્ડયનક્ષેત્રમાં આ મહત્વની મેક ઇન ઇન્ડિયા પહેલ છે. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ સ્પેનની એરબસસાથે મળીને આ પ્લાન્ટ સ્થાપી રહી છે. વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર પણ શ્રી સાન્ચેઝ સાથે નવી દિલ્હીમાં મુલાકાત કરશે.

રાષ્ટ્રપતિ સાન્ચેઝ મુંબઇની મુલાકાત પણ લેશે, જ્યાં તેઓ વેપાર ઉદ્યોગના નેતાઓ, વિચારશીલો અને ફિલ્મ ઉદ્યોગના અગ્રણી સાથે મંત્રણા કરશે. આ મુલાકાત દરમિયાન સંખ્યાબંધ સમજૂતિપત્રો પર હસ્તાક્ષર કરવામાં આવશે. અગાઉ, પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ સાન્ચેઝ બહુપક્ષીય બેઠકોથી અલગ, અનેક વાર મળી ચૂક્યા છે.

# AMIT SHAH - LAND PORT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સીમા પર આવેલ પેટ્રાપોલના લેન્ડ પોર્ટ ખાતે નવનિર્મિત પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગ અને 'મૈત્રી દ્વાર' નામના કાર્ગો ગેટનું ઉદ્ઘાટન કરશે. 'મૈત્રી દ્વાર' કાર્ગો ગેટ એ બંને દેશો દ્વારા સંમત થયેલી સંયુક્ત સુવિધા છે.

શ્રી શાહે ગયા વર્ષે ૭ મેના રોજ આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. આ ટર્મિનલનો ઉદ્દેશ્ય ભારત અને બાંગ્લાદેશ બંનેના નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય વેપાર અને ક્રોસિંગની સુવિધા આપવાનો છે. પેટ્રાપોલ કાર્યક્રમ પછી, શ્રી શાહ બપોરે હુગલી જિલ્લાના આરામબાગમાં સહકારી વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. તેમજ રાત્રે નવી દિલ્હી પરત ફરતા પહેલા કોલકાતાના સોલ્ટ લેકમાં ઈસ્ટર્ન ઝોનલ કલ્ચરલ સેન્ટર (EZCC) ખાતે પાર્ટીના કાર્યક્રમમાં ભાગ લેશે.

# BJP-LIST.RTF

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે 22 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. પાર્ટીએ નાસિક સેન્ટ્રલથી દેવયાની સુહાસ ફરાંડેને મેદાનમાં ઉતાર્યા છે. ડૉ. મિલિંદ રામજી નરોટે ગઢચિરોલી બેઠક પરથી અને ચૈનસુખ મદનલાલ સંચેતી મલકાપુર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)એ પણ તેમની બીજી યાદી જાહેર કરી છે.

તો બીજી તરફ કોંગ્રેસે પણ 16 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. પાર્ટીએ અંધેરી પશ્ચિમ વિધાનસભા બેઠક માટે સચિન સાવંત અને વાંદ્રે પશ્ચિમ વિધાનસભા બેઠક માટે આસિફ ઝકરિયાને ઉમેદવાર બનાવ્યા છે. અગાઉ કોંગ્રેસે રાજ્ય વિધાનસભા ચૂંટણી માટે 23 ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. મહારાષ્ટ્ર ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ મંગળવાર છે.

# JITENDRA SINH

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી રાજ્ય મંત્રી ડૉ જીતેન્દ્રસિંહે ગઈકાલે નવી દિલ્હીમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) અને બાયો ટેકનોલોજી વિભાગ વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. શ્રી સિંહે જણાવ્યું કે, 2035 સુધીમાં ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન હશે, જે ભારતીય અંતરીક્ષ સ્ટેશન તરીકે ઓળખાશે. ભારતના અવકાશ ક્ષેત્રના ઝડપી વિકાસમાં જાહેર-ખાનગી ભાગીદારી મહત્વપૂર્ણ રહી છે.

શ્રી સિંહે વધુમાં જણાવ્યું કે, સ્પેસ સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, લગભગ 300 સ્ટાર્ટઅપ્સ હવે સ્પેસ અર્થતંત્રમાં યોગદાન આપી રહ્યા છે. આ સમજૂતી કરારમાં 'ભારતીય અંતરિક્ષ સ્ટેશન'ની સ્થાપના અને 'બાયોઇ3' (અર્થતંત્ર, પર્યાવરણ અને રોજગાર માટે બાયોટેકનોલોજી) નીતિના અનાવરણ સહિત અનેક મુખ્ય પહેલોની રૂપરેખા છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# PRESIDENT INDIAN SPACE RESEARCH - ISRO'S

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતના અવકાશ કાર્યક્રમને વધુ ઉંચાઈઓ પર લઈ જવા માટે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા - ઈસરોના યોગદાનની પ્રશંસા કરી છે. ગઈકાલે નવી દિલ્હીના આકાશવાણીના રંગભવનમાં સરદાર પટેલ મેમોરિયલ લેક્ચર 2024ના અવસર પર એક વીડિયો સંદેશમાં રાષ્ટ્રપતિ મુર્મુએ તેમના સંદેશમાં સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપી હતી.

રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું કે સ્વતંત્રતા પછી રાષ્ટ્રમાં વિવિધ રજવાડાઓના રાજકીય એકીકરણ દ્વારા સરદાર પટેલ આધુનિક ભારતના શિલ્પકાર છે. "ઇન્ડિયન સ્પેસ ઓડિસી ઇન સર્ચ ઓફ ન્યુ ફ્રન્ટીયર્સ" પર સરદાર પટેલ સ્મારક વ્યાખ્યાન આપતા, ISROના અધ્યક્ષ, ડૉ. એસ સોમનાથે કહ્યું કે ભારત આગામી 10 વર્ષમાં વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં તેના યોગદાનને 10 ટકા સુધી વિસ્તરણ કરવાની ઈચ્છા ધરાવે છે. તેમણે કહ્યું કે હાલમાં વૈશ્વિક અંતરિક્ષ અર્થતંત્રમાં ભારતનું યોગદાન માત્ર 2 ટકા છે અને દેશ તેને વિસ્તારવા માંગે છે..

# REV.ESI SCHEME

આ વર્ષે ઓગસ્ટ માસમાં કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળ 20 લાખ 74 હજારથી વધુ નવા કામદારોની નોંધણી કરવામાં આવી છે. દર વર્ષે કરાતા વિશ્લેષણ પ્રમાણે ગયા વર્ષના ઓગસ્ટની સરખામણીમાં ચોખ્ખી નોંધણીમાં 6.80 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. 20.74 લાખમાંથી અંદાજિત 47 ટકા એટલે કે અંદાજિત 9 લાખથી વધુ કર્મચારીઓ 25 વર્ષ સુધીની વય જૂથના છે. પેરોલ ડેટાનું જાતિ-વાર વિશ્લેષણ સૂચવે છે કે ઓગસ્ટમાં મહિલા સભ્યોની ચોખ્ખી નોંધણી 4.14 લાખ છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે કહ્યું કે ઓગસ્ટમાં ESI યોજના સામાજિક સુરક્ષા હેઠળ 28 હજાર 917 નવી સંસ્થાઓ લાવવામાં આવી છે..

# U23 WRESTLING

કુસ્તીમાં, ભારતના અભિષેક ઢાકાએ અલ્બેનિયાના તિરાનામાં રમાઈ રહેલી અંડર 23 વિશ્વ કુશતીબાજી સ્પર્ધા 2024માં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ગઈકાલે રાત્રે પુરુષોની 61 કિલોગ્રામ ફ્રી સ્ટાઇલ શ્રેણીમાં યુક્રેનના મિકિતા અબ્રામોવને 3-0 થી પરાજય આપ્યો હતો. બશીર મેગોમેડોવે સુવર્ણ, અઝરબૈજાનના રુસલાન આસિફ અબ્દુલ્લાયેવે રજત અને ઇબ્રાહિમ મહદી ખારીએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

અન્ય એક મેચમાં 18 વર્ષના ભારતીય યુવા કુશ્તીબાજ ચિરાગે પુરુષોની 57 કિલોગ્રામ ફ્રી સ્ટાઇલ શ્રેણીની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ સાથે જ રવિ દહિયા અને અમન સેહરાવત પછી ચિરાગ 57 કિલોગ્રામની ફાઈનલમાં પહોંચનાર ત્રીજા ભારતીય બની ગયા છે. આજે રાત્રે ફાઇનલમાં તેમનો મુકાબલો કિર્ગિસ્તાનના અબ્દિમાલિક કારાચોવ સાથે થશે.

# WTT - MANIKA BATRA

ટેબલ ટેનિસમાં મનિકા બત્રાએ ફ્રાન્સમાં રમાઈ રહેલી WTT ચેમ્પિયન્સ મોન્ટ પેલિયર 2024 ટૂર્નામેન્ટમાં ટોચના આઠ ખેલાડીઓમાં પહોંચનાર પ્રથમ ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી બનીને ઈતિહાસ રચી દીધો છે.

વિશ્વમાં 30મા ક્રમે રહેલી બત્રાએ ક્વાર્ટર્સમાં વિશ્વની 14મી ક્રમાંકિત રોમાનિયાની બર્નાડેટ ઝોક્સ સામે 3-1થી જીત મેળવીને પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું. આ વર્ષની શરૂઆતમાં, બત્રાએ પેરિસ 2024 ઓલિમ્પિકમાં મહિલા ટીમ ઈવેન્ટમાં રોમાનિયા સામે ભારતની 3-2થી જીત દરમિયાન પણ ઝોક્સને 3-0થી પરાજય આપ્યો હતો.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  અનિલ પટેલ

1) ઈરાન ઇઝરાયલ વચ્ચેના યુદ્ધના સમાચાર  આજે તમામ અખબારોમાં પ્રથમ પાને હેડલાઇનમાં પ્રકાશિત થયા છે. દિવ્ય ભાસ્કર લખે છે કે, ઈરાનનાં 20 સ્થળો પર ઇઝરાયલનો બૉમ્બમારો, ઈરાન પર ઇઝરાયલની એર સ્ટ્રાઇક.. સંદેશ દૈનિકનું શિષર્ક છે, ઇઝરાયલનો ઈરાન પર 100 મિસાઇલથી ભીષણ હુમલો
2) દિવ્ય ભાસ્કર એક અહેવાલમાં લખે છે કે- શિયાળુ સત્રમાં જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્ય બનાવવાનો પ્રસ્તાવ..
3) કંપનીઓ માટે આવકવેરા રિટર્ન ભરવાની તારીખ લંબાવીને 15 નવેમ્બર કરવામાં આવી - આ સમાચારને પણ તમામ દૈનિકોએ સ્થાન આપ્યું છે.
4) કોલ્ડ પ્લે અને દિલજિત દોસાંજની કોન્સર્ટની ટિકિટના ગેરકાયદેસર વેચાણ સામે ઇડીના દરોડાના સમાચારને ગુજરાત સમાચાર, સંદેશ, રાજસ્થાન પત્રિકા એ પ્રથમ પાને  પ્રકાશિત કર્યા છે.
5) અમદાવાદ મિરરની હેડ લાઈન જણાવે છે કે, છેલ્લા બે મહિનામાં ખાદ્ય તેલના પંદર લિટરના ડબ્બામાં 500થી 600 રૂપિયાનો વધારો થતાં  ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે.
6) ન્યુઝીલેન્ડ 69 વર્ષ પછી ભારતની ભૂમિ પર સૌપ્રથમ વખત ટેસ્ટ શ્રેણી જીતવામાં સફળ રહ્યું - આ સમાચાર પણ તમામ અખબારોમાં પ્રથમ પાને  ચમક્યા છે

•